નેશનલ ન્યુટ્રીશન મિશન (NNM) હેઠળના રાજ્ય,
જિલ્લા અને ઘટક કક્ષાની કુલ-૪૦૯ જગ્યાઓની
સેવા આઉટસોર્સથી મેળવવા બાબત.

ગુજરાત રારકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2022/0033/B-1
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધાઃ-**

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૮/૧૨૩૨/બ-૧, તા.૧૯/૦૭/૨૦૧૮.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૧૯/૧૬/બ, તા.૨૩/૦૧/૨૦૧૯.
3. મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૨૧/૫૧૩/બ૧, તા.૩૧/૦૩/૨૦૨૨.
4. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૨૧/૫૧૩/બ-૧, તા.૦૫/૦૮/૨૦૨૨.
5. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હીનો પત્ર ક્રમાંક:11/4/2021-CD-I (e-95706), તા.૦૧/૦૮/૨૦૨૩.
6. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૨૧/૫૧૩/બ-૧, તા.૨૪/૦૮/૨૦૨૨.
7. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:WCDD/DRA/e-file/23/2022/0033/B-1, તા.૨૩/૦૧/૨૦૨૩.
8. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:WCDD/DRA/e-file/23/2022/0033/B-1, તા.૨૪/૦૩/૨૦૨૩.
9. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:WCDD/DRA/e-file/23/2022/0033/B-1, તા.૦૬/૦૪/૨૦૨૪.

**આમુખ:-**

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક:(૧) થી (૮)ના ઠરાવથી નેશનલ ન્યુટ્રીશન મિશન હેઠળ (NNM) ની વિવિધ જગ્યાઓ આઉટસોર્સથી ભરવા તેમજ તે જગ્યાઓની સંખ્યામાં ભારત સરકારની ગાઈડલાઈન અંતર્ગત વખતોવખત સુધારા કરવામાં આવેલ. ઉક્ત વંચાણે લીધેલ ક્રમ(૯)ના ઠરાવથી NNM હેઠળ કુલ-૪૧૨ જગ્યાઓ પૈકી કુલ-૪૦૯ જગ્યાઓની આઉટસોર્સની સેવાઓ તા.૦૧/૦૨/૨૦૨૪ થી વધુ ૧૧ માસ હેતુ મેળવવાની મંજુરી આપવામાં આવેલ હતી. આ કુલ-૪૦૯ જગ્યાની આઉટસોર્સની સેવાઓ ઉક્ત સમયગાળો પૂર્ણ થયા બાદ વધુ ૧૧ માસ લંબાવવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

// **ઠરાવ** //

૨/ - NNM હેઠળની રાજ્ય કક્ષાની ૦૭ જગ્યાઓ, જિલ્લા કક્ષાની ૬૬ જગ્યાઓ અને ઘટક કક્ષાની ૩૩૬ જગ્યાઓ એમ નીચેના કોષ્ટકો મુજબની કુલ-૪૦૯ જગ્યાઓની સેવાઓ વહીવટી સરળતા રહે તે હેતુસર તા.૦૧/૦૧/૨૦૨૫ થી વધુ ૧૧ માસ માટે નીચે મુજબની શરતોને આધિન આઉટસોર્સથી મેળવવાની મંજુરી આપવામાં આવે છે.

**1. રાજ્ય કક્ષાની જગ્યાઓ**

| ક્રમ | જગ્યાનું નામ | **કુલ જગ્યા** | **માસિક ફિક્સ મહેનતાણું** |
|---|---|---|---|
| ૧ | કન્સલ્ટન્ટ | ૦૨ | ૬૦૦૦૦ |
| ૨ | એકાઉન્ટંટ | ૦૧ | ૩૦૦૦૦ |
| ૩ | પ્રોજેક્ટ એસોસીયેટ | ૦૧ | ૨૫૦૦૦ |
| ૪ | સેક્રેટરી આસિસ્ટન્ટ/ડીઈઓ | ૦૨ | ૧૫૦૦૦ |
| ૫ | ઓફિસ મેસેન્જર/પ્યુન | ૦૧ | રાજ્યના ધારાધોરણ મુજબ |
| | કુલ | ૦૭ | - |

**૨. જિલ્લા કક્ષાની જગ્યાઓ**

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | **માસિક ફિક્સ મહેનતાણું** |
|---|---|---|---|
| ૧ | ડીસ્ટ્રીક્ટ કો-ઓર્ડીનેટર (DC) | ૩૩ | ૩૦૦૦૦ |
| ૨ | ડીસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ આસિસ્ટન્ટ (DPA) | ૩૩ | ૧૮૦૦૦ |
| | કુલ | ૬૬ | - |

**૩. બ્લોક કક્ષાની જગ્યાઓ**

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | **માસિક ફિક્સ મહેનતાણું** |
|---|---|---|---|
| ૧ | બ્લોક કો-ઓર્ડીનેટર | ૩૩૬ | ૨૦૦૦૦ |
| | કુલ | ૩૩૬ | - |

**શરતો:**

1. ઉક્ત મંજુરી અન્વયેની ઓફિસ મેસેંજર/પ્યૂનની ૦૧ સેવા માટે લઘુત્તમ વેતનધારા અધિનિયમ્ ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭/૦૩/૨૦૨૩ ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઈ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન મુજબનું મહેનતાણું ચૂકવવાનું રહેશે.
2. ખાતાના વડાના કચેરીએ જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા.૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. વધુમાં, લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૬/૦૪/૨૦૨૫ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આર.પ્રજાપતિ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. કમિશ્નરશ્રી (આઇસીડીએસ), મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ..
6. નાયબ નિયામકશ્રી વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ.
7. સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ..
8. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
9. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
10. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
11. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
12. શાખા સિલેક્ટ ફાઇલ.